# ગુજરાત રાજય ખાદી ગ્રામોધોગ બોર્ડ,

## ગ્રામ નિર્માણ ભવન, જુના વાડજ, અમદાવાદ-૧૩.

ફોન નં. (૦૭૯)-૨૭૫૫૧૭૦૧, ૨૭૫૫૭૧૪૧,ફેક્સ : (૦૭૯)-૨૭૫૫૭૪૪૪,

## <u>ઉદ્દેશ અને યોજનાકીય માહિતી</u>

❖ ગુજરાત રાજયમાં ખાદી અને ગ્રામોધોગનો વ્યાપ વધે તથા ગાંધી વિચારધારા સતત જીવંત રહે તે બોર્ડનો મુખ્ય અભિગમ રહેલો છે. માનવ શક્તિનો ઉપયોગ ખાદી અને ગ્રામોધોગની ચીજવસ્તુઓના ઉત્પાદન પાછળ થાય અને ગ્રામ્ય કક્ષાએ રોજગારીની તકો પુરી પાડી શકાય. તે માટે પ્રદર્શન અને પ્રચાર-પ્રસાર મારફતે ખાદી અને ગ્રામોધોગની ચીજવસ્તુઓના ઉત્પાદનના વધુ વેચાણ માટે બહોળું માર્કેટ પુરૂ પાડવું.

❖ ખાદી અને ગ્રામોધોગનું કામ કરતી રજીસ્ટર્ડ સંસ્થા/મંડળી તથા વ્યક્તિગત કારીગરોને બોર્ડ મારફત ચાલતી વિવિધ યોજનાઓના અમલીકરણ ધ્વારા ગ્રામ્ય કક્ષાએ નવી રોજગારી ઉભી કરવાનું તેમજ ગ્રામોધોગના વિવિધ ટ્રેડ માટે ટુંકાગાળાની તાલીમ ધ્વારા કૌશલ્ય વર્ધન અને સ્વ-રોજગારી ઉભી કરવાનું કાર્ય કરે છે.

❖ અંતરિયાળ વિસ્તારમાં આવેલ આદિવાસી-પછાત વિસ્તારમાં રોજગારી પુરી પાડવાનું કામ કરે છે. ગુજરાતમાં લોકોને ખાદી અને વિવિધ ગ્રામોધોગની પાયાની પ્રાથમિક માહિતી પ્રસારિત કરવામાં આવે છે.

## <u>ખાદી ક્ષેત્રની અમલીકૃત યોજનાઓ ::-</u>

- ❖ બજાર વિકાસ સહાય યોજના (MDA)
- ❖ વિશેષ કાંતણ- વણાટ સાધન સહાય યોજના.
- ❖ પ્રાથમિક શાળાના વિધાર્થીઓને પોલીવસ્ત્ર ગણવેશ પુરા પાડવાની યોજના.
- ❖ અંબર ચરખા/શાળ યોજના (૬૫% સહાય તથા ૩૫% લોન)
- ❖ ખાદી પ્રદર્શન – મેળા (ખાદી ઉત્સવ)
- ❖ ખાદી કાંતણ/વણાટ તાલીમ યોજના.
- ❖ કલસ્ટર યોજના.
- ❖ વગર ટેન્ડર.

# બજાર વિકાસ સહાય યોજના (MDA)

રાજય સરકાર ખાદી/પોલીવસ્ત્રના છૂટકવેચાણ ઉપર હાલ (રીબેટ) આપવાની યોજના છે. તેના બદલે હવે ભારત સરકારના ખાદી અને વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન (KVIC)ની જેમ બજાર વિકાસ સહાય (Marketing development Assistance) ચુકવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ યોજનાનું ધોરણ ખાદી/પોલીવસ્ત્રના ઉત્પાદનની કિંમતના પ્રમાણમાં નીચે મુજબ રાખવામાં આવેલ છે.

૧. કારીગર માટેની સહાય : ૫%

૨. ખાદી સંસ્થાને ખર્ચ પેટે સહાય : ૫%

૩. બજાર પ્રોત્સાહન અંગે સહાય : ૫%

# વિશેષ કાંતણ-વણાટ સાધન સહાય યોજના ::-

રાજયમાં ખાદી સંસ્થા/મંડળીઓ મારફતે કાંતનાર તેમજ વણનાર કારીગરોને કંતાઈ તેમજ વણાટ માટે ખાદી કમિશન ધ્વારા નિયત ભાવપત્રક મુજબ ઉત્પાદિત સુતરના આંક તેમજ વણાટની જાત મુજબ વણકરી ચૂકવવામાં આવે છે. તદ્‌ઉપરાંત રાજય સરકારશ્રી ધ્વારા નીચે મુજબની સહાય આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | સામાન્ય/અનુ.જાતિ ના લાભાર્થીઓને | અનુ.જન જાતિ ના લાભાર્થીઓને |
|---|---|---|---|
| ૧ | કાંતણ સહાય પ્રતિ આંટી | રૂ.૧.૦૦ | રૂ.૧.૫૦ |
| ૨ | વણાટ સહાય પ્રતિ ચો.મી | રૂ.૩.૦૦ | રૂ.૪.૦૦ |
| ૩ | વણાટ સાધન સહાય પ્રતિ ચો.મી | રૂ.૧.૦૦ | રૂ.૧.૦૦ |

# પ્રાથમિક શાળાના વિધાર્થીઓને પોલીવસ્ત્ર ગણવેશ પુરા પાડવાની યોજના.

રાજય સરકાર ધ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાની તમામ સરકારી પ્રાથમિક શાળાના વિધાર્થી/વિધાર્થીઓને પોલીવસ્ત્રની ૨ (બે) જોડી ગણવેશ વિના મુલ્યે સિલાઈ સાથે પુરા પાડવાની યોજના વર્ષ ૨૦૧૬-૧૭ થી અમલીકૃત થયેલ છે.

## અંબર ચરખા/શાળ યોજના (૬૫% સહાય તથા ૩૫% લોન)

- નવી રોજગારી માટે નવા ચરખા/શાળની યોજના વર્ષ ૨૦૧૪-૧૫ થી અમલમાં મુકવામાં આવી છે.
  - ખાદી / પોલીવસ્ત્રનું પ્રમાણપત્ર ધરાવતી માન્ય સંસ્થાઓને બોર્ડ દ્વારા આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે.
  - આ નવા ચરખા/શાળમાં સરકારશ્રી ધ્વારા ચરખા/શાળની કિંમતના (KVICના ધોરણે) પ્રતિ યુનિટ ૬૫% સહાય સંસ્થા/લાભાર્થીને આપવામાં આવે છે. જયારે ૩૫% રકમ સંસ્થા/લાભાર્થીએ ભોગવવાની રહે છે.

## ખાદી પ્રદર્શન – મેળા (ખાદી ઉત્સવ)

ગુજરાત રાજય ખાદી ગ્રામોધોગ બોર્ડ ધ્વારા ગુજરાત સરકારના સહયોગથી ખાદી અને ગ્રામોધોગનું વેચાણ વધારવા તથા ખાદી બ્રાન્ડીંગ માટે તથા ખાદી ગ્રામોધોગ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ સંસ્થા અને કારીગરોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ખાદી પ્રદર્શન સહ વેચાણ મેળા જીલ્લા કક્ષાએ તથા અમદાવાદ અને સુરત મુકામે નેશનલ એકઝીબીશન યોજવામાં આવે છે. મેળા –પ્રદર્શનના આયોજનથી રાજય તેમજ દેશભરમાંથી ખાદી તથા ગ્રામોધોગ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ અને ગ્રામ્ય કારીગરોને તેઓના ઉત્પાદનોને સારૂ બજાર મળી રહે અને તે ધ્વારા તેમના ઉત્પાદનોનું વધુ વેચાણ કરી રોજગારી મેળવી શકે તે માટે પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવે છે. સંસ્થાની અને કારીગરોની ઉત્કૃષ્ટ કામગીરીનો આ મેળા- પ્રદર્શનના માધ્યમથી સારી રીતે પ્રચાર-પ્રસાર થઈ શકે છે.

# <u>ખાદી કાંતણ/વણાટ તાલીમ યોજના.</u>

બોર્ડ ધ્વારા તાલીમ યોજના અંતર્ગત ખાદીની પ્રવૃતિનો વ્યાપ વધે તે હેતુસર વર્ષ-૨૦૧૬-૧૭ માં ખાદી કાંતણ અને વણાટના તાલીમ વર્ગો યોજવા માટે નક્કી કરવામાં આવેલ છે. આ તાલીમ વર્ગો KVIB/KVIC માન્ય ખાદી/પોલીવસ્ત્રનુંકામ કરતી સંસ્થા/મંડળીઓ ધ્વારા શરૂ કરવામાં આવે છે. સંસ્થા KVIC નું પ્રમાણપત્ર ધરાવતી હોવી જોઈએ. કાંતણ તાલીમ વર્ગ માટે ૨૫ અને વણાટ તાલીમ વર્ગ માટે ૧૫ તાલીમાર્થીઓની સંખ્યાનો વર્ગ નક્કી કરવામાં આવેલ છે. તાલીમ વર્ગ ૧ માસનો રહેશે. તાલીમ પૂર્ણ થયેથી તાલીમાર્થીઓને રૂ.૧૫૦૦/- સ્ટાઈપેન્ડના તેમના બેંક ખાતામાં RTGS થી ચુઅક્વવામાં આવશે. સંસ્થાને તાલીમ વર્ગ યોજવા માટે નીચે મુજબ નાણાંકીય સહાય ચુકવવામાં આવશે.

- વ્યવસ્થા ખર્ચ — રૂ.૫૦૦૦/- (એક માસના)
- તાલીમ શિક્ષક પગારના — રૂ.૬૫૦૦/- (એક માસના)
- મકાન ભાડું — રૂ.૨૦૦૦/- (એક માસના)
- કાચોમાલ — રૂ.૧૯૦૦૦/-

# <u>કલસ્ટર વિકાસ યોજના</u>

રાજય સરકાર ધ્વારા કલસ્ટર વિકાસ યોજના અમલમાં છે. ખાદી અને પોલીવસ્ત્રનું ઉત્પાદન કરતી સંસ્થા મંડળીઓને ખાદી/પોલીવસ્ત્રના કાપડ ડીઝાઈન સ્કીલ અપગ્રેડેશન તથા ડીઝાઈન પ્રોજેકટ ડેવલોપમેન્ટ માટે સહાય આપવામાં આવે છે.

# <u>વગર ટેન્ડર</u>

રાજય સરકાર ધ્વારા રાજયની સરકારી કચેરીઓ, બોર્ડ નિગમ માટેની ખરીદ નિધિ ૧૯૪૭ અમલમાં છે. આ ઠરાવના ફકરા -૮ માં સરકારી સંસ્થાઓ અને સરકાર માન્ય સંસ્થાઓને કક્ષા-અ અને કક્ષા-બ માં વર્ગીકૃત કરવામાં આવેલ છે. જેમાં કક્ષા-બ માં ક્રમાંક-૧ અન્વયે ખાદી બોર્ડ અને ખાદી કમિશન ધ્વારા માન્ય હોય અને તેઓ જાતે ઉત્પાદન કરતી હોય તેવી ચીજવસ્તુઓની ખરીદી માટે આ વિભાગ ધ્વારા માન્ય કરવામાં આવે છે.

કક્ષા-અ અને કક્ષા-બ માન્ય સંસ્થાઓ પાસેથી ઠરાવમાં જણાવેલ નાણાંકીય મર્યાદામાં અને દર્શાવેલ પધ્ધતિ મુજબ ખરીદી કરી શકાય છે. પ્રવર્તમાન જોગવાઈ મુજબ કક્ષા-અ માં જણાવેલ સંસ્થાઓ પાસેથી ભાવપત્રક મેળવ્યા સિવાય અને કક્ષા-બ ની સરકારે માન્ય કરેલ સંસ્થાઓ પાસેથી ઓછામાં ઓછા ત્રણ ભાવપત્રક મેળવીને વાર્ષિક ધોરણે રૂ.૪૦,૦૦૦/- ની ખરીદી સુધીની ખરીદી કરી શકાય છે.

## ખાદી ઉત્પાદન અને વેચાણ રોજી-રોજગારીની છેલ્લા પાંચ વર્ષની વિગત :-

(રકમ રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | ઉત્પાદન રૂ. | વેચાણ રૂ. | રોજગારીની સંખ્યા | ચુકવેલ રોજગારી રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૧-૧૨ | ૨૭૧૬.03 | ૪૪૦૫.૯૭ | ૧૦૨૭૮ | ૧૪૧૮.૦૧ |
| ૨ | ૨૦૧૨-૧૩ | ૩૪૯૯.૩૨ | ૫૩૨૩.૭૮ | ૯૯૬૪ | ૧૯૧૯.૪૦ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૩૬૧૩.૯૯ | ૫૨૫૬.૫૩ | ૧૦૬૪૩ | ૨૧૦૧.૯૬ |
| ૪ | ૨૦૧૪-૧૫ | ૩૭૧૪.૬૧ | ૫૬૫૪.૬૦ | ૯૯૬૬ | ૧૯૯૩.૦૬ |

## ગ્રામોધોગની અમલીકૃત યોજનાઓ ::-

**ખાદી કાંતણ અને વણાટ તાલીમના ટૂંકાગાળાના તાલીમ વર્ગ**
**તા. ૧/૪/૨૦૧૬ થી અમલીકૃત.**

- ૩૦ દિવસની ટૂંકાગાળાની તાલીમ.
- ગ્રામ્ય/શહેરી વિસ્તારના એ.પી.એલ./બી.પી.એલ. લાભાર્થીઓનો સમાવેશ.
- ખાદી બોર્ડ માન્ય સંસ્થાઓ ધ્વારા તાલીમ.
- એક વર્ગમાં કાંતણ તાલીમ વર્ગ માટે-૨૫ તથા વણાટ તાલીમ વર્ગ માટે ૧૫ સંખ્યા.
- માસિક રૂ. ૧૫૦૦/- લેખે શિષ્યવૃતિ, પ્રમાણપત્રનો લાભ.

### ગ્રામોધોગ (પોલીવસ્ત્ર સહિત) ક્ષેત્રે ઉત્પાદન અને વેચાણ રોજી - રોજગારીની છેલ્લા પાંચ વર્ષની વિગત:-

(રકમ રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | ઉત્પાદન રૂ. | વેચાણ રૂ. | રોજગારીની સંખ્યા | ચુકવાયેલ રોજગારી રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૭૧૬૮.૯૨ | ૭૩૧૬.૬૨ | ૮૯૦૫ | ૧૩૮૬.૬૪ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૧૯૫૮૧.૧૬ | ૨૧૨૯૮.૨૩ | ૫૭૧૬૫ | ૬૯૬૨.૮૮ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૨૮૮૪૯.૦૮ | ૩૨૭૩૧.૮૦ | ૭૭૯૧૬ | ૧૦૮૯૭.૬૦ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૧૩૭૧૬.૧૭ | ૧૪૩૯૭.૬૨ | ૬૨૬૪૮ | ૨૪૬૧.૬૭ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૬૯૪૮૬.૪૪ | ૮૪૩૭૭.૧૧ | ૧૯૫૮૩૯ | ૨૩૩૮૮.૮૫ |